# 'પીડ પરાઈ જાણે રે..' બાપુને નગરની ભાવાંજલિ

## કલાગુર્જરી દ્વારા સતત દસમા વર્ષે ગાંધી જયંતિએ ગાંધી પ્રિય ભજનો-ગીતોના કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨

'સતને મારગડે અહીં જો કોઈ હાલે, તો તો ગુરૂને ગોવિંગ તેની બાવડી ઝાલે', 'સો સો વાતુંનો જાણનારો ગાંધીડો મારો' જેવા કર્ણપ્રિય ભજનો જાણીતા ભજનિક ભારતીબેન વ્યાસના કંઠેથી જયારે વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં રેલાયા ત્યારે ત્યાં ઉપસ્થિત ગાંધી પ્રેમી નગરજનો રસતરબોળ થઈ ગયા હતા. 'કલાગુર્જરી ગાંધીનગર' દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ટાઉનહોલ સામેના મેદાનમાં આયોજિત કાર્યક્રમ 'પીડ પરાઈ જાણે રે..' માં શહેરના નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ભાવાંજલિ અર્પણ કરી હતી. સ્ટેજ પરના બેક ગ્રાઉન્ડમાં ૧૦૦ વર્ષ પૂર્વેના ગાંધીજીના જીવન સંબંધિત બે ચિત્રો લગાડવામાં આવ્યા હતા.

સતત દસમા વર્ષે ગાંધી જયંતિના દિવસે વહેલી સવારે ૬.૩૦ કલાકે કલાગુર્જરી સંસ્થા દ્વારા 'પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ





કાર્યક્રમમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, આરટીઆઈ કમિશનર વી.એસ. ગઢવી, નિવૃત્ત સનદી અધિકારી બી.કે. ગઢવી, કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશિથ વ્યાસ, જૈન સોશ્યલ ગૃપના પૂર્વ પ્રમુખ મેહુલ દોશી, શિવરંજની સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ, સૌરાષ્ટ્ર પટેલ સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ, રોટરી કલબના સેક્રેટરી ડૉ. દિપક બારોટ, સિનિયર રોટેરીયન કેતન મહેતા, અગ્રણી જશવંત ગાંધી, જાણીતા કવિ દલપત પઢિયાર તથા કલા ગુર્જરીના જયરાજસિંહ સરવૈયા તથા આશાબેન સરવૈયા સહિત શહેરના અગ્રાણી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ભજન ગાયકી ક્ષેત્રે સારી નામના ધરાવતા ભારતીબેન વ્યાસે શ્રમ ભજનાવલી માના ગાંધીપ્રિય ભજનો-ગીતો દ્વારા પૂ. બાપુને સ્વરાંજલિ અર્પણ કરી હતી. તેમની સાથે મંગલભાઈ ગઢવીએ ગાંધી બાપુ સંલગ્ન વાતો તથા પ્રસંગો કહી શ્રોતાઓને પૂ. બાપુની યાદ તાજી કરી હતી. કાર્યક્રમનો પ્રારંભ ભારતીબેને દેવાયત પંડિતના ભજન 'ગુરૂ તારો પાર ના પાયો' થી કરી હતી. કાર્યક્રમમાં નરસિંહ મહેતા, પાનબાઈ વગેરેના ભજનો સમાવી લેવાયા હતા. જાગને જાદવા, સોનાને લાગે કયાંથી કાટ, શીલવંત સાધુને વારંવાર નમીએ, જયોત સે જયોત જલાતે ચલો વગેરે ભજનો-ગીતો સાંભળી શ્રોતાઓ રીતસર મગ્ન બની ગયા હતા.

સ્વયંભૂ શિસ્ત સાથે સફેદ વસ્ત્રોમાં ઉમટી પડેલા ગાંધી પ્રેમી નગરજનો અંતિમ ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીયે...' શબ્દશઃ સાથે ગાતા નજરે ચઢયા હતા. અંતે રામધૂન વખતે સ્વયંભૂ રીતે સૌએ ઉભા થઈ તાળીઓથી તાલ મિલાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત તમામ નગરજનોએ પૂ. બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં સાદરા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ રેંટિયો ફેરવી સુતર કાંત્યું હતું. આ પ્રસંગે ગાયિકા ભારતીબેન વ્યાસના હસ્તે રોટરી કલબના મેગેઝિનનું વિમોચન પણ કરાયું હતું. કાર્યક્રમના સમાપન બાદ પ્રેક્ષકોએ ગાંધી સાહિત્ય તથા ચરખો ખરીદવા લાઈન લગાવી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે કલાગુર્જરી સંસ્થાના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## @ગાંધીનગર

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સાંજે પાંચ કલાકે સે-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાશે.

### શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨

સેકટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં મૌસમના બદલાવના કારણે આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. તા. ૩ ઓકટોબરને સોમવારના રોજ કાકડ આરતી સવારે ૫.૦૦ કલાકે કરવામાં આવશે. મધ્યાહ્ન આરતી બપોરના ૧૨ કલાકે, ધુપ આરતી સાંજે ૬.૩૦ કલાકે અને સેજા (શયન) આરતી દરરોજ રાત્રે ૮ કલાકે કરવામાં આવશે. ફકત ગુરુવારના રોજ સેજા (શયન) આરતી રાત્રિના ૯.૩૦ કલાકે કરવામાં આવશે. જયારે ઝુલેલાલની આરતી સાંજે ૬.૦૦ કલાકે થશે એમ મંદિરના પ્રમુખ સિંધી પંચાયત દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

● નવરાત્રિના પ્રથમ નોરતે જ વરસાદે વિઘ્ન ઉભુ કરતા ખેલૈયાઓ થોડા નિરાશ થયા હતા. ચાલુ ગરબાએ અચાનક વરસેલા વરસાદથી બચવા ખેલૈયાઓ તથા પ્રેક્ષકોમાંથી કેટલાકે ખુરશીઓ માથે લીધી હતી તો કેટલાકે તાડપત્રી, બેનર કે પોસ્ટર જે હાથમાં આવ્યું તેના વડે વરસાદથી બચવા પ્રયત્ન કર્યો હતો.

● સે-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાયેલા સ્વચ્છતા સમરસતા સપ્તાહ સમાપનમાં જિલ્લામાંથી શિક્ષકો રવિવાર હોવા છતા ઉમટી પડયા હતા. આ કાર્યક્રમમાં લવાડ ગામના એક શિક્ષકનું બાળક રડતા તેમની સાથે આવેલા શિક્ષકના સાસુએ તેને બહાર પાર્કિંગમાં લઈ જઈ ત્યાં કોઈ શ્રમજીવી મહિલાએ અગાઉથી બાંધેલા સાડીના ઘોડીયામાં ઝુલાવ્યું હતું.

● ગાંધી જયંતિના દિવસે સમગ્ર શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો હાથ ધરાયા હતા. આ કાર્યક્રમોમાં શહેરના યુવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને જીવનમાં સ્વચ્છતાનો અપનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા.





ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા જાગૃતિ આવે તેવા હેતુથી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના પટાંગણમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા સામુહિક સફાઈ કરવામાં આવી હતી. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ સાથે સમસ્ત શાળા પરીવારે સ્વચ્છતા સંબંધી શપથ લીધા હતા. સાથો સાથ મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગેના સંદેશને અપનાવી લેવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો.

## લોહાણા યુવા સંગઠન દ્વારા ૨૦મી પદયાત્રાનું આયોજન

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ અવિરતપણે આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૦મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૯ થી ૧૮ નવેમ્બર સુધી પદયાત્રાનું આયોજન કરાયું છે. પદયાત્રામાં જોડાવવા ઈચ્છતા પદયાત્રીઓએ પ્રવેશ ફોર્મ અને વધુ વિગતોની જાણકારી મેળવવા માટે સેક્ટર-૨૯, જલારામ ધામના મેનેજરના ફોન નં. ૨૩૨-૨૩૬૧૪ ઉપર સંપર્ક કરવાનો રહેશે. આમ સંગઠનના પ્રમુખ નિલેશ પુજારા અને મંત્રી ચેતન દક્ષિણી દ્વારા જણાવાયું છે.

## સે-૭માં રહેતા સંયુક્ત સચિવનાં મકાન પર તસ્કરો ત્રાટકયા

નવા સચિવાલયમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં સંયુક્ત સચિવ તરિકે ફરજ બજાવતા અધિકારીનાં સે-૭ માં સ્થિત મકાનમાં ગઈ સાંજે તસ્કરો ત્રાટક્યા હતા. ઓફીસથી ઘરે પહોંચ્યા બાદ બે કલાક માટે તેમના ભાઈનાં ઘરે જઈને પરત આવ્યા ત્યા સુધીમાં તસ્કરોએ તેમના મકાનનાં દરવાજાનો નકુચો તોડીને કબાટમાંથી ચાંદીનાં સિક્કાઓ અને રોકડ મળી રૂ.૬ હજારની મત્તાની ઉઠાંતરી કરી રફફુચક્કર થઈ ગયા હતા. સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

શહેરનાં સેક્ટર-૭એ પ્લોટ નં. ૧૭૧/૧ ખાતે રહેતા સુભાષચંદ્ર રતિલાલ સોની નવા સચિવાલયમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં સંયુક્ત સચિવ તરિકે ફરજ બજાવે છે. તેમના પત્ની ત્રણેક દિવસથી બેંગલોર ગયેલા છે. ગઈ કાલે સાંજે આઠ વાગ્યે ઓફિસથી ઘરે ગયા બાદ સુભાષચંદ્ર સોની ઘરને તાળુ મારીને પોતાનાં ભાઈનાં ઘરે ગયા હતા. બે કલાક બાદ દશ વાગે તેઓ ઘરે પરત આવ્યા ત્યારે જોયુ તો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. બે કલાકમાં તસ્કરો તેમના મકાનને ટાર્ગેટ બનાવીને હાથ સાફ કરી ફરાર થઈ ગયા હતા. મકાનમાં ઘુસીને તસ્કરો કબાટ ખોલીને ચાંદીનાં પાંચ સિક્કાઓ તથા પાંચ હજાર રોકડા મળીને કુલ રૂ.૬ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સંયુક્ત સચિવની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ઈન્ફોસીટી સ્કૂલ સરગાસણ ખાતે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ઈન્ફોસીટી સ્કૂલ સરગાસણમાં સ્વચ્છતા અભિયાન મિશન અંતર્ગત સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના તમામ વિદ્યાર્થીઓએ તથા સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર સ્વચ્છતા અને સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. આ અભિયાનમાં શાળાના દરવાજા, બારીઓ અને દરેક વસ્તુની ચીવટતાથી સફાઈ કરવામાં આવી હતી.


આ ઉપરાંત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા, અને પ્રમુખ વૈષ્ણવસરે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતી માધ્યમના આચાર્યા પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેન ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરની યુવતિ ગરબા રમવા કેનેડાથી પાયલોટની તાલીમમાં રજાઓ મુકીને આવી

ગાંધીનગર, તા. ૨

"નહી મેલુ રે, તારા ફળિયામાં પગ નહી મેલુ..." આ ગરબા પર શહેરના ગરબાપ્રેમી ખેલૈયાઓ મન મુકીને ઝુમી ઉઠે છે. ગાંધીનગરની આવી જ એક ગરબાપ્રેમી યુવતિ જે હાલ કેનેડા ખાતે પાયલોટ બનવાની તાલીમ મેળવી રહી છે તે 'કલ્ચરલ ફોરમ'ના ફળિયે પગ મેલવા જ નહી પરંતુ ગરબે થનગનવા રજાઓ મુકી ગાંધીનગર આવી ગઈ છે. નિધી રાઠોડ નામની આ યુવતી માત્ર સાત વર્ષની હતી ત્યારથી ગરબાનો શોખ ધરાવે છે અને અનેક સ્ટેજ શૉ ઉપરાંત કલ્ચરલ ફોરમમાં અઢળક ઈનામો જીતી ચુકી છે.





યુવા વર્ગમાં નવરાત્રી એ અત્યંત લોકપ્રિય તહેવાર ગણાય છે. ગરબા એ તો અબાલવૃદ્ધ સહિત દરેક ગુજરાતીની પસંદગી જ નહી પરંતુ ઓળખ સમાન છે. માત્ર નવરાત્રી જ નહી પરંતુ સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ પ્રસંગે ગરબા રમવાનું ખેલૈયાઓ બહાનુ જ શોધતા હોય છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતી નિધી રાઠોડને પણ માત્ર સાત વર્ષની ઉંમરથી જ ગરબાનું ઘેલુ લાગ્યુ હતુ. આટલી બાળ ઉંમરથી જ તે ગાંધીનગરના કલ્ચરલ ફોરમના આંગણે દર વર્ષે નિયમિત ગરબા રમવા જાય છે. અને તેમાં અત્યાર સુધીમાં આઠેક વાર પ્રિન્સેસ સહિતના વિવિધ ઈનામો જીતી ચુકી છે. અને અઢળક અન્ય ટ્રોફીઓ પણ તેણે પ્રાપ્ત કરી છે. નિધીને નાનપણથી જ ડાન્સનો ઘણો શોખ હતો તેથી તેણે શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે ભારત નાટ્યમની સઘન તાલીમ પ્રાપ્ત કરી ગત વર્ષે જ ટાઉનહોલ ખાતે આરંગેત્રમ પણ કર્યુ હતુ. હિરામણી સ્કૂલમાં શાળાકીય અભ્યાસ મેળવનાર નિધિએ શાળાકીય ગરબા સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો હતો. શહેરના જાણીતા કોરિયોગ્રાફર સ્વ. પીટર વેસ્લીની નૃત્યશ્રી સંસ્થામાં તેણે તાલીમ મેળવી તેમના કાર્યક્રમોમાં પણ પરફોર્મન્સ આપ્યું છે.

નિધી રાઠોડને બાળપણથી જ પાયલોટ બનવાનું સ્વપ્ન હતુ. આ સ્વપ્ન પુરૂ કરવા માટે તેની માતા પીનાબેન રાઠોડે સતત તેને નૈતિક બળ તથા પ્રેરણા પુરી પાડી છે. નિધીએ પહેલા મહેસાણા ખાતે પાયલોટની પ્રાથમિક તાલીમ મેળવી અને હવે તે કેનેડાના વાનકુંવર ખાતે પ્રિન્સિપલ એર ફલાઈટ એકેડેમીમાં સઘન તાલીમ મેળવી રહી છે. અહીં તેણે પ્રાઈવેટ પાયલોટની કસોટી પાસ કરી હાલ ચાર્ટર્ડ પ્લેનની પાયલોટ તો બની ચુકી જ છે. આમ છતાં ગરબા પ્રત્યેનો તેનો લગાવ એટલો બધો છે કે તે નવરાત્રી આવતા જ પોતાની તાલીમમાં રજાઓ મુકી ગરબે ઘુમવા પરત ગાંધીનગર આવી ચુકી છે.

## સરિતા ઉદ્યાન-બાલોદ્યાનમાં ક્રાફટ વિલા શરૂ કરાશે

### પાટનગરની સ્થાપના સમયથી પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનેલા આ બંને સ્થળોના નવીનીકરણનું કામ ટુંક સમયમાં શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની મુલાકાતે આવતા પ્રવાસીઓને સરિતા ઉદ્યાન અને બાલોદ્યાન હંમેશા આકર્ષે છે. છેલ્લા કેટલાક સમયથી તેની રોનક ગુમાવી ચુકેલા આ બંને સ્થળોના નવીનીકરણનું કામ ટુંક સમયમાં શરૂ કરાશે. જે અંતર્ગત અહીં ક્રાફટવિલા શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના હરવા ફરવાના સ્થળોમાં સેકટર-૨૮નું બાલોદ્યાન અને સરિતા ઉદ્યાન એક આગવું જ સ્થાન ધરાવે છે. રજાના દિવસો અને તહેવારોના દિવસોમાં અહીં મુલાકાતીઓની ભારે ભીડ જામે છે. ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોના મુલાકાતીઓ અહીં અવારનવાર આવતા રહે છે. પાટનગરની સ્થાપનાથી અહીં વિકસાવાયેલા આ બંને સ્થળોની રોનક છેલ્લા કેટલાક સમયમાં સાવ ઘટી ગઈ છે. હવે પાંચ દાયકા બાદ આ બંને સ્થળોના આધુનીકીકરણ અને નવીનીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર લગભગ ૯ કરોડના ખર્ચે આ બંને સ્થળોના વિકાસનું કામ હાથ ધરવામાં આવશે. અહીં નવેસરથી લેન્ડ સ્કેપિંગ કરવામાં આવશે. બગીચાઓમાં નવા નવા આકર્ષણરૂપ સાધનો મુકવામાં આવશે. વળી અહીં ક્રાફટ વિલા માટે અલાયદી જગ્યા ફાળવવામાં આવશે. હેન્ડીક્રાફટ અને હેન્ડલુમની ચીજવસ્તુઓ અહીં બારે માસ વેચાણ કરતી નાની દુકાનો અહીં શરુ કરવામાં આવશે. અમદાવાદમાં જેમ અમદાવાદ હાટમાં આખુ વર્ષ હેન્ડલુમ-હેન્ક્રાફટની ચીજવસ્તુઓ વેચાય છે તેમ અહીં પણ જુદી જુદી ચીજવસ્તુઓ વેચાશે. સે-૨૮ના બાલોદ્યાનના આકર્ષણનું કેન્દ્ર બનેલી ટોયટ્રેન વારંવાર ખોટકાઈ જતી હોવાથી હવે નવી ટ્રેન લાવવાની વિચારણા પણ ચાલી રહી છે. બોટીંગનું આકર્ષણ વધારવા નવી બોટ ખરીદવાનું પણ વિચારવામાં આવી રહ્યું છે.

## સે-૧૭ મધ્યસ્થ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓને સુવિધા વચ્ચે પણ નીચે બેસીને વાંચન કરવુ પડે છે

### પુરતી બેઠક વ્યવસ્થા ન હોવાથી વિદ્યાર્થીઓએ મુશ્કેલીનો સામનો કરવો પડે છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની સેકટર-૧૭ સ્થિત મધ્યસ્થ લાયબ્રેરીમાં સરકારી નોકરી માટે તૈયારી કરતા અસંખ્ય ઉમેદવારો લાયબ્રેરીમાં વાંચન અને અભ્યાસ માટે આવે છે. મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ વહેલી સવારથી જ મોડી રાત સુધી વાંચનકાર્ય કરે છે. વિદ્યાર્થીઓએ લાયબ્રેરીમાં પુરતી બેઠક વ્યવસ્થા ના હોવાને કારણે લાયબ્રેરીમાં નીચે બેસીને વાંચવાનો વારો આવે છે. બીજીતરફ વિદ્યાર્થીઓએ લાયબ્રેરી બહાર પણ કયાંક ને કયાંક બેસીને વાંચવુ પડે છે. લાયબ્રેરીના અન્ય રૂમોમાં જે બિન ઉપયોગી હોય તેવા ટેબલ ખુરશીઓને સત્વરે વાંચન ખંડમાં મુકવામાં આવે તેવી વિદ્યાર્થી આલમમાં માંગ ઉઠી છે.

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સંજોગોમાં ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ પરિક્ષાની તૈયારી માટે આવ્યા છે. ત્યારે શહેરની મધ્યસ્થ લાયબ્રેરીમાં વાંચન માટે વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં આવે છે. સે-૧૭ લાયબ્રેરીમાં બેઠક વ્યવસ્થા ખંડમાં અંદાજે દિવસ દરમ્યાન ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ નોકરીવાંચ્છુ ઉમેદવારો સવારથી સાંજ સુધી વાંચન માટે આવતા હોય છે. આ લાયબ્રેરી શહેરની મધ્યમાં હોવાથી વાંચન શોખીનોનો ભારે ધસારો જોવા મળે છે. ત્યારે માત્ર નીચેના એક હોલમાં બેઠક વ્યવસ્થા હોવાથી આ હોલ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાઈ જાય છે. ત્યારે હવે વિદ્યાર્થીઓ લાયબ્રેરીમાં સમાતા નથી તેવો ઘાટ ઘડાયો છે. વાંચન માટે આવતા વિદ્યાર્થી બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાથી ના છુટકે નીચે બેસીને વાંચન કરતા હોય છે. આવી રીતે વાંચન કરતા વિદ્યાર્થીઓ વાંચન ખંડના દરેક ખુણે જોવા મળે છે. ત્યારે લાયબ્રેરી તંત્ર દ્વારા ખાલી પડી રહેલા રૂમોમાંથી ટેબલ ખુરશી નીચે લાવીને મુકવામાં આવે અથવા વિદ્યાર્થીઓનો પ્રવાહ વધતા તાત્કાલીક ધોરણે અન્ય રૂમ તૈયાર કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓની તેમજ ઉમેદવારોની માંગ છે. ઉલ્લેખનીય છે કે ટુંક સમયમાં જ બિન સચિવાયલ કલાર્કની પરિક્ષા હોવાથી ઉમેદાવારો ગ્રુપ બનાવીને દિવસ રાત વાંચન કરતા હોય છે. ત્યારે લાયબ્રેરી તંત્ર દ્વારા સત્વરે નિર્ણય લઈને બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓની લાગણી અને માંગણી છે.

## આજે આદ્યશકિતના બીજા સ્વરૂપ મા બ્રહ્મચારિણીના પૂજનનો મહિમા

### બે એકમ દરમિયાન પ્રથમ સ્વરૂપ શૈલપૂત્રીનું પૂજન થયું, બીજા સ્વરૂપના પૂજનથી તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદ્‌ગુણોની પ્રાપ્તિ

ગાંધીનગર, તા.૨

જગત જનની જગદંબાના પર્વમાં ચાલુ વર્ષે બે એકમ હોવાથી આમ તો આજે નવરાત્રીનો ત્રીજો દિવસ છે. પરંતુ એકમ દરમિયાન મા દુર્ગાના પ્રથમ સ્વરૂપનું પૂજન થતું હોઈ બે દિવસ શૈલપુત્રીના સ્વરૂપનું વિધિ વિધાન પૂર્વક પૂજન કરી નવરાત્રીની આરાધનાનો મંગલ પ્રારંભ થયો છે. આજે આદ્ય શકિતના બીજા સ્વરૂપ મા બ્રહ્મચારિણીના પૂજનનો મહિમા વર્ણવાયો છે. આકરા તપથી મહાદેવને પ્રસન્ન કરનાર આ દેવીના પૂજનથી તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદ્‌ગુણોની પ્રાપ્તિ થતી હોય છે. શકિતની આરાધનાના પર્વ નવરાત્રીમાં સર્વત્ર ધાર્મિક માહોલ છવાયો છે તેમજ માતાજીના ગરબે ઘુમવાની પણ ઉત્સુકતા માઈભકતોમાં પ્રથમ બે દિવસ દરમિયાન દેખાઈ આવી છે.

મા દુર્ગાના નવ સ્વરૂપનું નવ દિવસોમાં જુદા જુદા સ્વરૂપે પૂજા અર્ચના કરવાથી મનોવાંચ્છિત ફળ મળે છે. બ્રહ્માંડને ઉત્પન્ન કરનારી જગતજનની આદ્યશકિત દુર્ગા છે. જગતમાં માનવની રક્ષા કરવાવાળુ જો એક માત્ર કોઈ સાધન હોય તો તે દેવીકવચ છે જે પ્રાણી માત્રનું રક્ષણ કરે છે. નવરાત્રી દરમિયાન દુર્ગા સપ્તસતીનો પાઠ કરવાનું ઘણું જ મહત્વ વર્ણવાયુ છે. આજે મતાજીના બીજા સ્વરૂપ બ્રહ્મચારિણીના પૂજન સાથે માતાના નવ સ્વરૂપોનું ધ્યાન, કવચ અને



સ્તોત્રનો પાઠ કરવો એ ઈચ્છિત કામનાની પૂર્તિ કરે છે. માતાજીના પૂજન માટે આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ગંધ, અક્ષત, પુષ્પ, સૌભાગ્ય દ્રવ્ય, ધૂપ-દીપ, નૈવેદ્ય, ઋતુફળ, મુખવાસ, નીરાજન, પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, પ્રાર્થના, નમસ્કાર અને ક્ષમાપનાના ષોડશ ઉપચારો આવશ્યક ગણાયા છે.

નવ સ્વરૂપો પૈકી ઉપર મુજબની વિધિ સાથે આજે બીજા સ્વરૂપ એવા મા બ્રહ્મચારિણીનું પૂજન કરવામાં આવશે. માતા બ્રહ્મચારિણીએ શ્વેત વસ્ત્રો પહેર્યા છે. તેમના જમણા હાથમાં અષ્ટદલની જપમાળા તથા ડાબા હાથમાં કમંડળ શોભે છે. શકિતસ્વરૂપા દેવી એ ભગવાન મહાદેવને પ્રાપ્ત કરવા માટે એક હજાર વર્ષ સુધી માત્ર ફળ ખાઈને અને ત્રણ હજાર વર્ષ સુધી માત્ર વૃક્ષ ઉપરથી પડેલા પાંદડા ખાઈને આકરી તપસ્યા કરી હતી. માતાજીના આ કઠોર તપને કારણે તેઓ બ્રહ્મચારિણીના નામથી પ્રસિધ્ધ થયા. માતાજીના આ સ્વરૂપનું પૂજન વિધિ વિધાનપૂર્વક કરનાર સાધકના તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદગુણો પ્રાપ્ત થાય છે અને વૃધ્ધી થાય છે. જગદંબાનું આ પર્વ દૈવીશકિતને રીઝવવા માટેનો ઉત્તમ સમય મનાય છે. આદ્યશકિતની કૃપા પ્રાપ્ત કરવા નવરાત્રીનું વ્રત ભગવાન વિષ્ણુ, મહેશ, બ્રહ્મા અને સ્વર્ગના ઈન્દ્રએ પણ કર્યું હતું. નવરાત્રી દરમિયાન માતાજીના ગરબે ઘુમવાનું પણ એટલું જ મહત્વ રહેલું છે જેમાં હાલ યુવા ધન નવ દિવસ સુધી રાત્રીએ મન મુકીને ઉત્સાહપુર્વક ગરબા રમે છે.

## ચિરવિદાય

- સ્વ. બદનસિંહ ગૌરીશંકર પ્રજાપતિ, ઉ.વ. ૫૫
- સ્વ. મનીષાબેન કિરણજી ઠાકોર, ઉ.વ. ૩૨